# માઓવાદીઓ ફરીથી ત્રાટક્યા

અરૂણ જેટલી

(વિપક્ષી નેતા, રાજ્ય સભા)

માઓવાદીઓએ ફરીથી હુમલો કર્યો છે. જેમાં સીઆરપીએફ અને છત્તીસગઢ પોલીસના કેટલાક જવાનો ભોગ બન્યા છે. તેઓ ભારત રક્ષણ કાજે શહીદ થયા છે .

ભારત માઓવાદના જોખમનો સામનો કરી રહ્યું છે અને તે એક ગંભીર સમસ્યા બની ગયો છે. મધ્ય ભારતના મોટી સંખ્યામાં આદિવાસી જિલ્લાઓ માઓવાદીઓના નિયંત્રણ અને પ્રભાવ હેઠળ છે. તે માઓવાદીઓના પ્રભુત્વવાળા વિસ્તારો છે. તે વિસ્તારમાંના મોટાભાગના નાગરિકો દલિત છે. ત્યાં જિલ્લા વહીવટીતંત્રની કામગીરી ખૂબ જ ઓછી ચાલે છે. ત્યાં માઓવાદીઓ કરવેરા એકત્રિત કરે છે. તેઓના સ્વયંસેવકો દરેક ગામમાં ચૂકવણી કરે છે. તેઓ ભારે સશસ્ત્ર છે. માઓવાદીઓ કંઈ ગેરમાર્ગે દોરાયેલા નથી. તેઓ સામાજિક સુધારકો નથી. માઓવાદ એક ગરીબી નિવારણ યોજના નથી. તેઓ ભારતના સંસદીય લોકશાહીનો વિનાશ ઈચ્છે છે અને વૈચારિક સરમુખત્યારશાહી વડે બદલો લેવાનું તેઓનું વૈચારિક આંદોલન છે. માઓવાદીઓની વિચારધારામાં લોકશાહી નથી, સ્વતંત્રતા નથી, જીવન અને સ્વાતંત્ર્ય માટે કોઈ અધિકાર નથી, કાયદો કે નિયમ નથી, કોઈ વાણી સ્વાતંત્ર્ય નથી. સરમુખત્યારશાહી વિચારધારા ધરાવતા લોકો વિશ્વભરમાં જોવા મળી છે, જેઓ અન્ય લોકો પર જુલમ ગુજારવામાં માને છે.

માઓવાદીઓનો સામનો કેવી રીતે થઈ શકે એમ છે? માત્ર માઓવાદી પ્રદેશોની આર્થિક પ્રગતિની વાતોથી માઓવાદનું જોખમ દૂર થાય એમ નથી. આ તો એક અર્ધ સત્ય પણ નથી. કોઈપણ સરકાર માટે માઓવાદીઓના પ્રભાવ ધરાવતા વિસ્તારોમાં દાખલ થવા માટે, શાંતિની પુનઃસ્થાપનાની શરત આવશ્યક છે. તે વિસ્તારોમાંથી સુરંગો દૂર કરવી પડશે. માઓવાદીઓના હાથમાં શસ્ત્રો પર નિયંત્રણ લાદવા પડશે. નાગરિકો પાસેથી લેવાતી ખંડણીખોરીનો અંત લાવવો પડશે.. જિલ્લા વહીવટીતંત્ર અથવા પીડબલ્યુડીના

કોન્ટ્રાક્ટરોને તે વિસ્તારોમાં દાખલ કરવા પડશે અને શાળાઓ, કોલેજો, હોસ્પિટલો, પંચાયત ભવનો વગેરે ઈમારતોના નિર્માણની વિકાસ પ્રવૃતિઓ શરૂ કરવી પડશે.

આ વિસ્તારોમાં હાથબૉમ્બ અને દારૂગોળો પૂરા પાડતા સ્રોતો નષ્ટ કરવા પડશે. માઓવાદીઓ સમગ્ર સરહદ પરથી દાણચોરી કરીને અથવા પોલીસ શસ્ત્રાગાર લૂંટી શસ્ત્રો એકઠા કરે છે. માઓવાદીઓ માને છે કે દુશ્મન શસ્ત્રાગાર માઓવાદીઓના શસ્ત્રાગાર છે. આ કિસ્સામાં દુશ્મન રાજ્ય સરકાર અથવા પોલીસ છે.

ક્યાં સુધી ભારતના સામાન્ય નાગરિકો અને સુરક્ષા કર્મચારીઓ હિંસાનો ભોગ બનવાનું ચાલુ રહેશે ? આપણે તેઓને તે પ્રદેશોના વિકાસ એજન્ડામાં ક્યારે સમાવી શકીશું ? આપણે ક્યાં સુધી તેઓને આદિવાસી વસ્તીના લાભ માટે બનેલી ઈમારતો અને અસ્કયામતોનો નાશ કરવા દઈશું ? રાષ્ટ્રીય સંપત્તિ પર પ્રથમ અધિકાર આદિવાસીઓનો હોવાનું સ્પષ્ટ કરવું જ જોઈએ. આપણને આદિવાસી માઓવાદીઓનું આત્મસમર્પણ જ ખપે. માઓવાદ સામેનું યુદ્ધ કદી અડધું યુદ્ધ ગણી ન શકાય. ભારત તેનો સંપૂર્ણપણે સામનો કરવાનું સામર્થ્ય ધરાવે છે .